રજુ તારીખ : ૦૪/૦૮/૨૦૨૬
દાખલ તારીખ : ૦૪/૦૮/૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૮/૦૮/૨૦૨૬
અવધિ : વર્ષ : માસ : દિવસ :
૦૦ : ૦૦ : ૦૪ :

**આણંદ જીલ્લાના મહે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**
**મુ. પેટલાદ.**

ફોજદારી પરચુરણ અરજી **નં.–૧૨૯/૨૦૨૬.**
**આંક :**

**રામચંદ્રકુમાર દિપસંગભાઈ પરમાર.**
ઉ.વર્ષ.૧૯, ધંધો.મજુરી.
રહે.બામણગામ, દલોલી, તા.માતર, જી.ખેડા.
મુળ રહે.તળાવની પાળ ઉપર, મુ.કાશીન્દ્રા,
તા.ધોલેરા, જી.અમદાવાદ.
(હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત)

... અરજદાર

**વિરૂધ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

બાબત : **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

અરજદાર તરફે : વિ. વકીલ શ્રી એમ.એસ.બારોટ
સામાવાળા તરફે :વિ.એડી. પી. પી. શ્રી જે.એચ.રાઠોડ

## –: : ઠ રા વ : :–

(૧) આ કામનાં અરજદાર/આરોપીને **સોજીત્રા પો.સ્ટે.** ગુ.રજી. નં. ૧૧૨૧૫૦૨૫૨૫૦૨૨૮/૨૦૨૫ થી નોંધાયેલ બી.એન.એસ. ની કલમ

–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૪,૬ ના કામે અટક કરેલ અને નામદાર કોર્ટમાં રજુ કરતા નામદાર કોર્ટ ધ્વારા જયુડીશીયલ કસ્ટડીમાં લીધેલ. જેથી બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર/આરોપીએ ફરીયાદીની સગીર વયની દિકરી ભોગ બનનાર જેની ઉંમર હાલ ૧૬ વર્ષ ૦૩ મહિના (જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૧૦) (બનાવ સમયે ઉંમર ૧૫ વર્ષ ૦૪ માસ ૧૨ દિવસ ) છે, તેણીને ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગ બનનાર સાથે અવાર નવાર શરીર સંબઘ બાંઘેલ તથા ભોગ બનનારને છ માસની ગર્ભવતી બનાવીને ગંભીર ગુનો કરેલ. તપાસ દરમ્યાન હાલના અરજદાર/ આરોપીની સદરહુ ગુનાના કામે ઘરપકડ કરવામાં આવેલી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલ શ્રી ની દલીલ મુજબ, અરજદાર/આરોપી બિલકુલ નિર્દોષ છે અને કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. વઘુમાં રજુઆત કરી જણાવેલ છે કે એફ.આઈ.આર. માં પણ અરજદાર/આરોપીનું નામ જણાવેલ નથી અને ફકત શંકાના આઘારે અરજદાર/આરોપીની ઘરપકડ કરવામાં આવેલ છે. વઘુમાં રજુઆત કરી જણાવેલ છે કે ભોગ બનનારને અરજદાર/આરોપી સાથે પ્રેમ સંબઘ છે અને અરજદાર/આરોપી ભોગ બનનારનું અપહરણ કરીને લઈ ગયેલ નથી પરંતુ ભોગ બનનાર પોતાની મરજીથી અરજદાર/આરોપી સાથે આવેલ હતા. વઘુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી ની રજુઆત મુજબ અરજદાર/આરોપી ઘરમાં એક માત્ર યુવાન દીકરા છે, ઘરની જવાબદારી તેઓની ઉપર છે. તેઓનો કોઈ ગુનાહીત ઈતિહાસ નથી. અરજદાર/આરોપીની ટ્રાયલ ચાલતાં સમય લાગે તેમ હોય જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં ન આવે તો પ્રિ ટ્રાયલ

પનીશમેન્ટ થવાની શકયતાઓ રહેલી હોય જામીન અરજીમાં દર્શાવેલા કારણો ગ્રાહય રાખી જામીન ઉપર મુકત કરવા ભારપુર્વક રજુઆત કરેલી.

(૪) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા આ કામે સામાવાળા તરફે વિ. સરકારી વકીલશ્રી ઘ્વારા ભારપુર્વક રજુઆત કરેલી કે, આ કામે અરજદાર/આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૪,૬ મુજબના ગંભીર ગુનાનો આરોપ છે. કેસ પેપર્સ જોતાં આ કામના ભોગ બનનારની ઉંમર હાલ ૧૬ વર્ષ ૦૩ મહિના (જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૧૦) (બનાવ સમયે ઉંમર ૧૫ વર્ષ ૦૪ માસ ૧૨ દિવસ ) ની જણાઈ આવે છે. અરજદાર/આરોપી સામે ભોગબનનારને ભગાડી ગયા સબબનો મજબુત પ્રથમ દર્શનીય પુરાવો છે. અરજદાર/આરોપી વીરુઘ્ધ પોકસો તેમજ બી.એન.એસ. ના ગંભીર ગુનાનો આરોપ હોય જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

(૫) ઉભય પક્ષે લંબાણ પુર્વક સાંભળ્યા. તપાસ કરનાર અધિકારીનું સોગંદનામુ, એફ.આઈ.આર. ની નકલ અને કેસ પેપર્સ ઘ્યાને લેવામાં આવ્યા. કેસ પેપર્સ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના આરોપી વિરુઘ્ધ બી.એન.એસ. ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧) તથા પોકસો એકટ કલમ–૪,૬ મુજબના ગંભીર ગુનાનો આરોપ છે. **હાલના અરજદાર/આરોપી સામે ફરીયાદીની સગીર વયની દીકરીને તેના વાલીપણાની કસ્ટડીમાંથી તેઓની સંમતી વગર ભગાડી લઈ જઈ તેણી પર અવાર નવાર દુષ્કર્મ કરેલ અને ભોગ બનનારને ગર્ભવતી બનાવેલ હોવાનો ગંભીર કર્યાનો આરોપ છે. ભોગ બનનારની હાલ ૧૬ વર્ષ ૦૩ મહિના (જન્મ તારીખ ૦૩/૦૪/૨૦૧૦)(બનાવ સમયે ઉંમર ૧૫ વર્ષ ૦૪ માસ ૧૨ દિવસ)** ની છે. તેણી તેનુ સારુ નરસુ સમજી શકે તેવી અવસ્થામાં નથી. ત્યારે હાલના

અરજદાર/આરોપીનો ગુનામાં રોલ સંગીન જણાઈ આવે છે. ભોગબનનાર સગીર વયની હોય અરજદાર/આરોપી સામેના આક્ષેપીત ગુનો જોવામાં આવે તો પોકસો એકટ હેઠળના ગુનામાં અરજદાર/આરોપીની સીધી અને સ્પષ્ટ સંડોવણી બહાર આવે છે. પોકસો કાયદાની જોગવાઈ મુજબ સગીર વયની વ્યકિત સ્વતંત્ર રીતે પોતાનો સારા નરસાનો નિર્ણય લેવા માટે સક્ષમ હોતા નથી. ભોગ બનનાર આ કામે નિર્વિવાદ રીતે સગીર છે અને કેસ પેપર્સ જોતા આરોપી વિરૂધ્ધ મજબુત કેસ જણાઈ આવતો હોય તેવા સંજોગોમાં વિવેકાધીન સત્તાનો લાભ આપી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા માટેનું કોઈ વ્યાજબી અને યોગ્ય કારણ જણાતુ ના હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## **– : : હુ ક મ : : –**

**૧.** આ કામના અરજદાર/આરોપી **રામચંદ્રકુમાર દિપસંગભાઈ પરમાર,** રહે.બામણગામ, દલોલી, તા.માતર, જી.ખેડા. મુળ રહે.તળાવની પાળ ઉપર, મુ.કાશીન્દ્રા, તા.ધોલેરા, જી.અમદાવાદ. (હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત) નાઓની આ જામીન અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તારીખ–૦૮, માહે–ઓગસ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:– ૦૮/૦૮/૨૦૨૬ **(ઝંખના વી. ત્રિવેદી)**
સ્થળ :– પેટલાદ. અધિક સેશન્સ જજ, પેટલાદ.
**GJ-00676**

*સ્ટેનો–જે.ટી.રાણા.*